SPECIAL ISSUE: 04

The Knowledge Spectrum: An International Peer-Reviewed Multidisciplinary Journal

ISSN: 3107-3557 (Online)

63

# સૌરાષ્ટ્રની લોકસંસ્કૃતિમાં ભારતીયતા

**Vala Jaydip R.**
Research Scholar in Gujarati JRF
Smt.B.V.Dhanak Arts Commerce Science and Management College Bagasara, Gujarat

**શોધપત્ર સારાંશ :**

લોકતત્વની મૂળભૂત પાયાની સામગ્રી તે જીવન અને જગતને જોવા અને જાણવાની લોકદૃષ્ટિ છે. એમાંથી જ લોકમાન્યતા બંધાય છે. અહીં આ લેખમાં સૌરાષ્ટ્રની લોકસંસ્કૃતિમાં ભારતીયતા કેવી રીતે પ્રગટ થાય છે તે જોવાનો ઉપક્રમ રહ્યો છે. લોકસંસ્કૃતિ એટલે આચારમાં અને વિચારમાં કોઈ પણ પ્રજાની જે લાક્ષણિકતાઓ કે જીવનરીતિ પરંપરાગત પેઢી દર પેઢી ઊતરતી રહેતી હોય તે એમની સંસ્કૃતિ. તો હવે ભારતીયતા એટલે શું ? એ વાત સ્પષ્ટ કરીએ તો " ભારતીયતા એટલે માત્ર સારી સારી બાબત નહીં પણ સર્વ સ્વીકૃત એવો ભાવ તે ભારતીયતા. " આ રીતે સૌરાષ્ટ્રની જે લોકસંસ્કૃતિ છે જેમ કે શૌર્ય,સૌંદર્ય, સંતપરંપરા, સાંપ્રદાયિક એકતા, સાહસિકતા, આદર- આતિથ્ય, ધર્મ, માન્યતાઓ, આભૂષણો, લોક કથાઓ, લોકનૃત્યો, ઉત્સવો, દેવી-દેવતાઓ પ્રત્યેની શ્રદ્ધા, પ્રકૃતિપરાયણ લોકજીવન, પ્રજાની ઉદારતા, કલાકસબ વગેરેમાં ભારતીયતા કેવી રીતે પ્રગટ થાય છે તેનો યથાતથ ચિતાર અહીં રજૂ કરવામાં આવેલ છે.

**બીજ શબ્દ :**

લોકતત્વ, લોકસંસ્કૃતિ, લોકમાન્યતા, ભારતીયતા, આતિથ્ય ભાવના, સૌરાષ્ટ્ર

---

**પ્રસ્તાવના :**

જીવન એ કુદરત પાસેથી મળેલી અમૂલ્ય ભેટ છે. આ જીવનરૂપી બાગને સુગંધી બનાવવા માટે માણસે ધર્મ અને સંસ્કૃતિ રૂપી ફુલો ખીલવ્યાં છે. વિશ્વના કોઈપણ ખૂણે વસતા માનવના પોતાના અંગત ખ્યાલો, ભાવો, મૂલ્યો હોય જ છે. આ મૂલ્યો એ સંસ્કૃતિ છે. વિશ્વની અન્ય પ્રજાઓની જેમ ભારતીય પ્રજાને પણ અજોડ કહી શકાય એવો ભવ્ય સાંસ્કૃતિક વારસો મળેલો છે. જેના પ્રત્યે દરેક ભારતીયને આદર છે. ભારતીયતાનો ખ્યાલ 'ભારત' સાથે અવિભાજ્ય રીતે જોડાયેલો છે. ભારત અને ભારતીયતા એ આપણું ગૌરવ છે. ભારતીય સંસ્કૃતિ હૃદય અને બુદ્ધિની પૂજા કરનારી સંસ્કૃતિ છે. ઉદાર ભાવના અને નિર્મળ જ્ઞાનના સંયોગથી જીવનમાં સુંદરતા લાવનારી સંસ્કૃતિ છે. જ્ઞાન-વિજ્ઞાનને સહૃદયતાથી જોડીને સંસારમાં મધુરતા પ્રસરાવનારી આ સંસ્કૃતિ છે. ભારતીય સંસ્કૃતિ એટલે કર્મ-જ્ઞાન-ભક્તિનો જીવંત મહિમા. આવાં જીવનમૂલ્યો અને ભાવ-ભાવનાઓ દ્વારા આપણી ભારતીયતા ઘડાયેલી છે. અહીં આ અભ્યાસલેખમાં સૌરાષ્ટ્રની લોકસંસ્કૃતિમાં ભારતીયતા કેવી રીતે પ્રગટ થાય છે તે તપાસવાનો ઉપક્રમ રહ્યો છે.

સૌપ્રથમ સંસ્કૃતિ કોને કહેવાય એ પ્રશ્ન સ્વાભાવિક રીતે આપણને થાય. તો 'સંસ્કૃતિ એટલે જીવન જીવવાની કળા.' ભારતીય સમાજના ઘડતરવિકાસ અને સંગઠન અર્થે સદીઓથી ધર્મ, દર્શન, સાહિત્યાદિ

કળાઓ અને જ્ઞાનવિજ્ઞાનના ક્ષેત્રમાં જે વિચારતંત્રો અને માન્યતાઓ કામ કરી રહ્યાં છે તે સર્વ સંસ્કૃતિ છે. આ સંસ્કૃતિ, સભ્યતા અને સંસ્કાર પરંપરાઓ પ્રજાને એક તંતુએ જોડી રાખે છે. માન્યતાઓ, રીતિરિવાજો, માનવતાવાદી વલણો, એક પ્રજા તરફના બીજી પ્રજાઓના વ્યવહારો આદિની ઓછીવધતી સમાનતાઓ પણ પ્રજાને વિચારવર્તનને સૂત્રે બાંધી રાખવાનું કામ કરે છે.

લોકતત્વની મૂળભૂત પાયાની સામગ્રી તે જીવન અને જગતને જોવા અને જાણવાની લોકદ્રષ્ટિ છે. એમાંથી જ લોકમાન્યતા બંધાય છે. જ્યારે આપણે સૌરાષ્ટ્રની લોકસંસ્કૃતિમાં ભારતીયતાની વાત કરીએ છીએ ત્યારે લોક, લોકસંસ્કૃતિ અને ભારતીયતાનો અર્થ જાણવો આવશ્યક બને છે. પ્રથમ લોકનો અર્થ સ્પષ્ટ કરીએ તો લોકસાહિત્યકાર હસુ યાજ્ઞિકે તેમના પુસ્તક ‘લોકવિદ્યા-પરિચય’માં લોકનો અર્થ સ્પષ્ટ કરતા કહ્યું છે કે “ ‘લોક’ એટલે જેમની જીવનને જોવા-જાણવા-માણવાની દ્રષ્ટિ સમાન છે. એવો સામાજિક એકમ અને એનો સમૂહ.”[૧] (પૃષ્ઠ નં -૫) આમ, લોક અને સંસ્કૃતિ સાથે જોડાઈને લોકસંસ્કૃતિ બને છે.

ડૉ.હસુતાબેન સેદાણી તેમના પુસ્તક ‘ગુજરાતની લોકસંસ્કૃતિ’માં લોકસંસ્કૃતિની વ્યાખ્યા આ પ્રમાણે આપે છે- “ આચારમાં ને વિચારમાં કોઈપણ પ્રજાની જે લાક્ષણિકતાઓ કે જીવનરીતિ પરંપરાગત પેઢી દર પેઢી ઊતરતી રહેતી હોય તે એમની સંસ્કૃતિ.”[૨] (પૃષ્ઠ નં-૧) આ ઉપરાંત ગુજરાતી લોકસાહિત્યકાર અને સંશોધક જયમલ્લ પરમાર તેમના પુસ્તક ‘આપણી લોકસંસ્કૃતિ’માં લોકસંસ્કૃતિ વિશે વાત કરતા કહે છે કે “ પથ્થરે પથ્થરે અંકિત થયેલી હિન્દુ-મુસ્લિમ બિરાદરી, ઊંચનીચના ભેદને ટાળી આતમજ્ઞાનની ગંગા વહાવતી સંતવાણી, શીલને ખાતર હસતે મોઢે અફીણ ઘોળી જનારી સ્ત્રીશક્તિ, આતિથ્યધર્મે પેટનાં જણ્યાંના અંધોળ કરનારી દિલાવરી, શીલની સામે જ જીવનના જોખ કરનારી મસ્તમિજાજી અને એ બધાંને મોકળે મને અને ગહેકતે કંઠે રાસગીતોની રમઝટ બોલાવીને, સુખદુઃખનાં ઝેર નિતારીને પરંપરાગત વારસો આપ્યે જતી; જીવનને જાણનારી, માણનારી અને નાણનારી સંસ્કૃતિને આપણે લોકસંસ્કૃતિ કહીએ છીએ.”[3] (પૃષ્ઠ નં -૭૪) આમ, લોકવિદ્યાને બાંધનારું, ઘડનારું, રુપ-રંગ આપનારું મુખ્ય અંગ લોકસંસ્કૃતિ છે. લોકસંસ્કૃતિ એ લોકજીવનની સદીઓની રાસાયણિક ક્રિયાનો પરિપાક છે. લોકસંસ્કૃતિના સર્જન વિશે વાત કરતા જયમલ્લ પરમાર કહે છે કે “રાજ્ય અને પ્રજા વચ્ચેનું અંતર વધે છે અથવા તો ધર્મ,વિદ્યા કે સાહિત્યનું ઉચ્ચાભિમાન ધરાવતો વર્ગ પ્રવાહપતિત બને છે અથવા તો કોઈને કોઈ પ્રકારનું આક્રમણ થાય છે, ત્યારે આત્મધારણાથી આપોઆપ લોકસંસ્કૃતિનું સર્જન થાય છે.”[૪] (પૃષ્ઠ નં -૨૯) આમ, લોકસંસ્કૃતિ એ પ્રજાઓ વચ્ચેના લોકવ્યવહારમાંથી વિશેષ ઘડાય છે. અને લોકોના સમૂળગા નાશ વગર આ લોકસંસ્કૃતિનો ઉચ્છેદ કરી શકાતો નથી.

લોકસંસ્કૃતિનો અર્થ સ્પષ્ટ કર્યા બાદ હવે ભારતીયતાનો અર્થ મેળવવો આવશ્યક છે. ગુજરાતી સાહિત્યમાં ઘણા બધા સાહિત્યકારોએ ભારતીયતાનો અર્થ સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કર્યો છે. તેમાં ડૉ. સુમન શાહ કહે છે તેમ “ પરંપરાને પ્રસરાવે, સમૃદ્ધ કરે, સમાવે, ઉમેરણ કરે તે ભારતીયતા.” આ સિવાય પણ ભારતીયતા વિશે ઘણું કહેવાયું છે. ‘ભારતીયતા એટલે માત્ર સારી સારી બાબત નહીં પણ સર્વસ્વીકૃત એવો ભાવ તે ભારતીયતા.’ ભારતીયતા એટલે પ્રેમ, ભક્તિ, ત્યાગ, સમર્પણ, અહિંસા, સત્ય અને આસ્થા કે જેનો અનુબંધ ભારતની સંસ્કૃતિમાં છે, એક એવી સંસ્કૃતિ કે જે મનુષ્યને સાચા અર્થમાં મનુષ્ય બનાવવાની ક્ષમતા ધરાવે છે. આ ઉપરાંત મારા મત પ્રમાણે “ભારતીયતા એટલે સર્વસ્વીકૃત એવો ખ્યાલ જેના દ્વારા દરેક વ્યક્તિ પરંપરા અને સંસ્કૃતિ સાથે જોડાય છે અને તેને આગળ ધપાવે છે.”

ડૉ. નરેશ વેદ 'ભારતીયતા'ના લક્ષણો આપતા જણાવે છે કે, ભૌતિકતા કરતાં અંતરની પવિત્રતાને પ્રગટ કરતી આધ્યાત્મિકતા, આચાર-વિચાર-વિહાર અને વ્યવહારમાં પરંપરાગતતા, જીવન અને કાળક્રમે અંશ કે ખંડમાં વિભાજિત કરી જોવાને બદલે જન્મજન્માંતરના અને અખંડ કાળના ખ્યાલોને પુરસ્કારતતી નિરંતરતા, અકળતા અને વિરોધમાં વિશ્વાસ રાખતી રહસ્યમયતા, મનુષ્યને પાપનું સંતાન નહીં પણ 'અમૃતનું સંતાન'માની પ્રત્યેક દિવસને તહેવારમાં ફેરવી લોકોને ઉત્સવરત રાખતી આનંદમયતા 'ભારતીયતા'ના દ્યોતક લક્ષણો છે. આમ, આવા જીવનમૂલ્યો દ્વારા આપણી ભારતીયતા કંડારાયેલી છે. ઉપરોક્ત લક્ષણો જ્યાં પણ પ્રગટ થતા જોવા મળે ત્યાં ભારતીયતાનાં અવશ્ય દર્શન થશે.

લોકસંસ્કૃતિ અને ભારતીયતાનો અર્થ સ્પષ્ટ કર્યા પછી હવે આપણે સૌરાષ્ટ્રની લોકસંસ્કૃતિમાં ભારતીયતા ક્યા સ્વરૂપે પ્રગટ થાય છે તે જોઈએ. સૌરાષ્ટ્રની પ્રજાના જીવનમૂલ્યો એ આપણી પૂર્વની આર્યાવર્તની સંસ્કૃતિના દ્યોતક છે. એ જ એમની ગંગોત્રી છે. સૌરાષ્ટ્રના ભ્રમણમાં પણ આપણી આર્યભૂમિના, આપણી પ્રાચીન-અર્વાચીન સંસ્કૃતિની તથા પ્રજાની સંસ્કારપૂર્ણ સભ્યતાની જિકર મળે છે. સમભાવ, સદાચાર, નીતિ, માનવતા અને જીવનમાંગલ્યને આરાધતી સૌરાષ્ટ્રની લોકસંસ્કૃતિ પણ ભારતીયતાની ભાવનાને જ પરિપોષક બને છે. સૌરાષ્ટ્રની સાંસ્કૃતિક પરંપરાનો ચિતાર આપતી સૌરાષ્ટ્રની લોકસંસ્કૃતિ ખૂબ આગવી અને અદ્દભુત છે. સૌરાષ્ટ્રની લોકસંસ્કૃતિનું સ્વરૂપ અધ્યાત્મભાવ, માનવભાવ, ભક્તિ, શક્તિ, શૌર્ય, સૌંદર્ય, સંતપરંપરા, સાંપ્રદાયિક એકતા, સાહસિકતા અને ભિન્ન ભિન્ન જાતિઓના સાંસ્કારિક સમન્વયથી ઘડાયેલું છે. એનું પ્રતિબિંબ લોકોના આચાર, વ્યવહાર, આદર- આતિથ્ય, ધર્મ, માન્યતાઓ, પશુપ્રેમ, ગૃહકળા, ગૃહરચના, અલંકારો, આભૂષણો, કથા, વાર્તા, રાસ, રાસડા, ગીત, સંગીત, ઉત્સવો, આખ્યાયિકાઓ વગેરેમાં પડેલું જોઈ શકાય છે. અહીં દરેક લોકસંસ્કૃતિના સ્વરૂપમાં અને વિશિષ્ટતાઓમાં ભારતીયતા આબેહૂબ ઝળકે છે. જે સૌરાષ્ટ્રની લોકસંસ્કૃતિની વિશાળતા અને વિવિધતા દર્શાવે છે. ભારતીય સંસ્કૃતિ સાથે સૌરાષ્ટ્રની લોકસંસ્કૃતિનો સમન્વય થયેલો છે. તેથી ભારતીય સંસ્કૃતિની આગવી વિશિષ્ટતાઓ આપણને સૌરાષ્ટ્રની લોકસંસ્કૃતિમાં દૃષ્ટિગોચર થતી જોવા મળશે.

સૌરાષ્ટ્રની પ્રજાની માનસિકતામાં આધ્યાત્મિકતા, રહસ્યમયતા અને આંતરદ્રષ્ટિપરક આધ્યાત્મિકતા ઓતપ્રોત છે. સૌરાષ્ટ્રની પ્રજા દ્વારા લગ્ન પ્રસંગે રાંદલ માતાનું આહવાન, નવરાત્રીનાં તહેવારોમાં મા અંબિકાનું સ્થાપન-પૂજન, અષાઢ મહિનામાં જયાપાર્વતીનું વ્રત, વટ સાવિત્રીનું વ્રત, નાગપંચમીએ નાગપૂજા, શ્રાવણની સાતમે શીતળા માતાજીનું વ્રત કરવામાં આવે છે. દરેક શુભકાર્યની શરૂઆતમાં ગણપતિની થતી પૂજા-આરાધના વગેરે વ્રત-પૂજાના સંસ્કારોમાં ભારતીયતા જોવા મળે છે. વડ, પીપળો કે બોરડીનાં વૃક્ષની પૂજા કરવી, ગાયને માતા જેવી પૂજનીય માનવી અને તેમાં તેત્રીસ કરોડ દેવતાનો વાસ માનવો, વાનરમાં હનુમાનજીના દર્શન કરવા, હાથીમાં ગણપતિનું સ્વરૂપ જોવું વગેરે ધાર્મિક આસ્થાઓએ સૌરાષ્ટ્રની સમગ્ર પ્રજાને અને ખાસ કરીને નારીશક્તિને શ્રદ્ધા તેમજ શક્તિ પ્રદાન કર્યા છે. આથી જ રોજની રસોઈમાંથી એકાદ બે રોટલી ગાયમાતા માટે અલગ કાઢવાનું કે શેરીના કૂતરાને પણ બટકું રોટલો ખવડાવવાનું પુણ્ય કર્મ સૌરાષ્ટ્રની નારી માટે સ્વાભાવિક અને સહજ નિત્યક્રમ બની ગયો છે. આમ,અહીં પ્રકૃતિપ્રેમ, પશુપ્રેમ અને માનવેતર સૃષ્ટિનો મહિમા વ્યક્ત થયેલો જોઈ શકાય છે. જે ભારતીયતાના સ્વરૂપને પ્રગટ કરે છે.

સૌરાષ્ટ્રના લોકોની આતિથ્ય ભાવના અને જીવદયા ભાવનામાં ભારતીયતાનું તત્ત્વ રહેલું છે. દરેક જીવજંતુ કે પશુ-પંખીઓ પ્રત્યે દયા રાખવી એમનું પણ જતન કરવાનો ધર્મ સમજાવતી આ સંસ્કૃતિમાં માનવીનો પ્રેમાદર કરવાનું વિશેષ મહાત્મ્ય રહેલું છે. આશરાનો ઊજળો ધર્મ જોવો હોય તો સૌરાષ્ટ્રની ધરતી પરનો ઈતિહાસ તપાસીએ તો ખ્યાલ આવે. સૌરાષ્ટ્રનાં આયરોનો આશરો તો જગતના ઈતિહાસ ઉપર છપાયેલ છે. સૌરાષ્ટ્રમાં મહેમાનોને તો ભગવાન સમા ગણવામાં આવે છે. આપણે ત્યાં તો 'અતિથિ દેવો ભવ'નો શાસ્ત્રબોધ આપવામાં આવ્યો છે જે સૌરાષ્ટ્રની લોકસંસ્કૃતિમાં સંપૂર્ણપણે સાર્થક થયો છે. અહીં અતિથિ સત્કાર અને અશરણને શરણ આપવામાં ભારતીયતાની ભાવના જોઈ શકાય છે.

સૌરાષ્ટ્રની દરેક પ્રજા મૂળભૂત રીતે ધર્મભાવનાવાળી શુભ, શિવ અને મંગળના તત્વોમાં આસ્થા રાખનારી છે. સૌરાષ્ટ્રની પ્રજાએ માનસમાં રહેલ મહાનતા અને ઉદાત્તતાનો ખ્યાલ સ્વીકાર્યો છે. માણસની સાચી કિંમત તેની માણસાઈમાં ગણી છે. માનવધર્મને મોટો ધર્મ માન્યો છે. સૌરાષ્ટ્રની લોકસંસ્કૃતિમાં દરેક વ્યક્તિ પોતાનાથી પર એવી સમષ્ટિનો ખ્યાલ ધરાવે છે. વ્યક્તિ માત્ર સ્વના જ સુખનો વિચાર કરતો નથી પરંતુ સર્વના સુખનો વિચાર કરીને ચાલે છે. અહીં ભારતીયતાની 'સંઘમ્ શરણમ્ ગચ્છામી' એ ભાવના વ્યક્ત થાય છે. આ ઉપરાંત સૌરાષ્ટ્રની પ્રજાઓ વચ્ચેના માનવ સંબંધોમાં પણ ભાઈચારાની ભાવનાના દર્શન થાય છે જે ભારતીયતાની આગવી લાક્ષણિકતા છે.

સૌરાષ્ટ્રનું લોકજીવન પૂર્ણપણે પ્રકૃતિપરાયણ રહ્યું છે. શહેરની માયાવી સૃષ્ટિથી વેગળું એવું લોકજીવન પ્રકૃતિ વચ્ચે જ પાંગર્યું છે. એનો જીવન આધાર પણ પ્રકૃતિ જ છે. આ પ્રકૃતિએ સૌરાષ્ટ્રની ધરતી ઉપર વિવિધ રૂપો સર્જ્યાં છે. પારસ પીપળો, આંબો અને વડલો તો લોકજીવનમાં કુટુંબના વડીલનું સ્થાન પ્રાપ્ત કરી ગયેલા છે. ગાયોના રક્ષણ માટે સૌરાષ્ટ્રમાં અસંખ્ય નાની મોટી લડાઈઓ ખેલાઈ છે એટલી કદાચ ભારતભરમાં ગાયો માટે નહિં ખેલાઈ હોય. આમ સૌરાષ્ટ્રની ગોપસંસ્કૃતિ અને કૃષિસંસ્કૃતિમાં પણ ભારતીયતાના દર્શન થાય છે. અનેક જાતિઓના સંસ્કૃતિ વહેણ સૌરાષ્ટ્રમાં ઊતરી આવેલાં છે. એમાં અનેકવિધ વાણી અને વિધવિધ વેશવાળા કુળો, એમની પરંપરાઓ, એમની ખાસિયતો ઊતરી આવી છે. એટલે કે વિવિધતામાં એકતા સૌરાષ્ટ્રની લોકસંસ્કૃતિનું આગવું પાસું છે. સૌરાષ્ટ્રની અંદર મેર, આયર, ભરવાડ, કોળી, કાઠી, કણબી, રબારી વગેરે જ્ઞાતિઓના લોકો વસવાટ કરે છે. આ દરેક જ્ઞાતિઓની પણ પોતપોતાની વિશિષ્ટ ખાસિયતો હોવા છતાં વિવિધતામાં એકતા પ્રગટ થતી જોઈ શકાય જે ભારતીયતાનું દર્શન કરાવે છે.

સૌરાષ્ટ્રના લોકોની ધર્મભાવના આધ્યાત્મિકતાના રંગે રંગાયેલી છે. દરેક ધર્મને સમાન મહત્વ આપતી સૌરાષ્ટ્રની લોકસંસ્કૃતિમાં બિનસાંપ્રદાયિકતા પ્રગટ થતી જોઈ શકાય છે. જેના દ્વારા ભારતીયતાની ભાવના દ્રષ્ટિપાત થાય છે. સૌરાષ્ટ્રની ભક્તિ સંવેદના એટલી બધી પ્રબળ છે કે સૌરાષ્ટ્રનો કોઈપણ ખૂણો એવો નથી જે સંતો, ભક્તો, કવિઓથી વંચિત હોય. સૌરાષ્ટ્રના સંતો અને ભક્તોની પરંપરા નરસિંહ મહેતા અને મીરાંબાઈથી માંડીને આધુનિક સંતો-ભક્તો સુધીની રહી છે. જે સંયમનો અને સત્યનો મહિમા રજૂ કરે છે.

સૌરાષ્ટ્રના પાંચ રત્નોની અંદર નદી, નારી, અશ્વ, સોમનાથનું શિવલિંગ અને દ્વારામતીના હાજરાહજૂર શ્રીકૃષ્ણનો સમાવેશ થાય છે. આ પંચરત્નોમાં નદી સમૃદ્ધિનું, નારી સૌંદર્યનું, અશ્વ શક્તિનું અને સોમનાથ તથા દ્વારિકા એ ભક્તિનું પ્રતીક છે. આમ, શ્રી, સરસ્વતી, સૌંદર્ય, શક્તિ અને ભક્તિના રૂડા

સમન્વયમાં ભારતીયતા જોવા મળે છે. નારીને ભારતીય સંસ્કૃતિમાં એક સાથે શક્તિ અને સહનશીલતાનાં પ્રતીક રૂપે જોવામાં આવી છે. સાહિત્યના પ્રાચીન ગ્રંથો નારીને આદર્શ સ્વરૂપમાં ચિતરતા આવ્યા છે. જ્યાં તે પ્રેમ, કરુણા, દાંપત્યનિષ્ઠા અને માતૃત્વના મૂલ્યોને જાળવતી જોવા મળે છે. આ મૂલ્યો ભારતીયતાનું હૃદય છે. સૌરાષ્ટ્રની લોકસંસ્કૃતિમાં નારી સમન્વયની ભાવના જોવા મળે છે. દરેક નારીને દેવી, લક્ષ્મી, દુર્ગાના સ્વરૂપમાં જોવામાં આવે છે. સ્ત્રીજીવન અને તેના મૂલ્યો ભાવનાઓનું મહિમાગાન સૌરાષ્ટ્રની લોકસંસ્કૃતિનું પાયાનું લક્ષણ છે. જે ભારતીયતાને રજૂ કરે છે. સૌરાષ્ટ્રની પ્રજાની ઉદારતા, ખમીરાત, જવામર્દી અને શૂરવીરતાની હાંક પોકારતા અને સૌરાષ્ટ્રની લોકસંસ્કૃતિના સાચા આધારસ્તંભો તરીકે ઓળખાતા પાદરના પાળિયાઓ આપણા પૂર્વજોની વીરતા, બલિદાન, દેશભક્તિ અને ખમીરને પ્રગટ કરે છે. જેમાં ભારતીયતાનો ત્યાગનો મહિમા રહેલો છે.

સૌરાષ્ટ્રના પ્રત્યેક ઉત્સવોની ઉજવણીમાં ભારતીયતાના દર્શન થાય છે. દિવાળી, હોળી, ધૂળેટી, રામનવમી, જન્માષ્ટમી ઈત્યાદી સર્વ ઉત્સવો ઉપરાંત ઉત્તરાયણ, અખાત્રીજ, દેવદિવાળી, દિવાસો અને નવરાત્રી જેવા ઉત્સવો-તહેવારો વિશેષ રીતે ઊજવાય છે. કેટલાંક તહેવારોમાં ગામેગામ મેળાઓનું પણ આયોજન થાય છે. આ મેળો એટલે સંસ્કૃતિનું સંગમ સ્થાન, સંસ્કારોની મિલન ભોમ. ત્યાં લોકજીવનની કંઈક કળાઓ ઠલવાય છે. ઊર્મિઓની અભિવ્યક્તિનું સહિયારું સ્થાન તે આ સૌરાષ્ટ્રના મેળાઓ છે. સૌરાષ્ટ્રના વિવિધ મંદિરો પણ ભારતીયતાના કેન્દ્રબિંદુ છે. લોકસંસ્કૃતિ સાથે સૌરાષ્ટ્રનો શિલ્પ સ્થાપત્યનો ઉત્તમ વારસો પણ જોડાયેલ છે. આમ, આ દરેક ઉત્સવો અને મંદિરો પ્રાચીનતા તેમજ વિશાળતાના આગવા દ્યોતક છે. જે ભારતીયતા પ્રગટ કરે છે.

કલાકસબ એ સૌરાષ્ટ્રની લોકસંસ્કૃતિનું સબળ અંગ છે. એણે માનવીના અંગ-ઉપાંગોને, વસ્ત્ર-આભૂષણોને તેમજ ઘરના ઓરડા-ઓસરી, બારી-બારણા, બારસાખ અને ઘરવખરીને પણ શણગારીને શોભાયમાન કર્યા છે. સૌરાષ્ટ્રની નારીઓ મહેંદી કે ત્રાજવાથી હાથ-પગને શણગારે છે, આભલા, ભરતગૂંથણથી વસ્ત્રોને સજાવે છે. ઘરના પ્રવેશદ્વારને મોતી ભરેલ તોરણ, ચાકળા, ટાકલિયાથી સુશોભિત કરે છે. બારી-બારણા પર શુભ-લાભ કે ગણપતિનું રેખાંકન કરે છે. ઘરના પેટી-પટારા રંગોથી ઓપાવે છે. તેમજ ઓરડા-ઓસરીમાં જમીન પર ગાર-ગોરમટીના ઓપ-આકાર આપી એને પણ આકર્ષક બનાવે છે. આ દરેક કલાકસબના અંગો ભારતીય સંસ્કૃતિ અને ભારતીયતાને વિશેષ પ્રગટ કરે છે.

સૌરાષ્ટ્રની લોકસંસ્કૃતિનું એક સબળ અને આગવું પાસુ એ તેમના વસ્ત્રાભૂષણોમાં જોવા મળતી વિવિધતા છે. પશ્ચિમના પ્રભાવમાં આવવા છતાં સૌરાષ્ટ્રની પ્રજાના પહેરવેશમાં હજી પણ માન, મર્યાદા અને સંસ્કારોના દર્શન થાય છે. એ પણ ભારતીયતાને પ્રગટ કરે છે. સ્ત્રીઓની આભલા જડીત ઓઢણી, બાંધણી, પાયલ તથા પુરુષવર્ગના ઘેરદાર કેડિયા, ચોરણી, માથાને શોભાવતી તેમજ તેમનું રક્ષણ કરતી વિવિધ આકારની અને વિવિધ ઢબે પહેરાતી પાઘડીઓ વગેરે સૌરાષ્ટ્રની લોકસંસ્કૃતિની અનેરી લાક્ષણિકતા દર્શાવે છે. સૌરાષ્ટ્રની પ્રજાના અલંકારોનું વૈવિધ્ય પણ ખૂબ જ ધ્યાનાકર્ષક છે. હાથ-પગમાં પહેરવાના વિવિધ પ્રકારનાં કડલા, કાંબિયા, ટુંપિયા અને મોટિયા, નાકની નથણી અને કાનના ઠોળિયા સૌરાષ્ટ્ર પ્રદેશની સાંસ્કૃતિક વિવિધતા બતાવે છે.

સૌરાષ્ટ્રના લોકનૃત્યો, લોકનાટ્ય અને લોકસંગીતે સૌરાષ્ટ્રની લોકસંસ્કૃતિ અને પરંપરાઓને ધબકતી રાખી છે. ચોરવાડની બહેનોનું ટીપ્પણી નૃત્ય, પઢારોનું નૃત્ય, કોળીઓના રાસનૃત્ય, ભરવાડોના

રાસનૃત્ય, આયરો-મેરના રાસનૃત્ય, સૌરાષ્ટ્રના સીદીઓનું ધમાલ નૃત્ય વગેરે લોકનૃત્યો ભારતીય સંસ્કૃતિ અને સૌરાષ્ટ્રની પ્રજાના નર્તન કૌશલ્ય, જોમ, જુસ્સો અને ઉત્સાહને વ્યક્ત કરે છે. આ ઉપરાંત લોકનાટ્યના ભવાઈના સ્વરૂપે લોકોને મનોરંજન સાથે ઈતિહાસની કથાઓથી પણ અવગત કરાવ્યાં છે. આ ભવાઈએ સૌરાષ્ટ્રની લોકસંસ્કૃતિને સુદ્રઢ બનાવી તેમની પરંપરાને જાળવી રાખી છે. જેમાં ભારતીયતાનો ખ્યાલ વિશેષ રૂપે રજૂ થયો છે. સૌરાષ્ટ્રના લોકસંગીતે પણ એની વિશિષ્ટ શક્તિ સાચવી રાખી છે. લોકસંગીત લોકોના જીવન વ્યવહારમાંથી જ નીપજેલું છે. અહીંના દુહા સોરઠાનાં પડછંદ નાદથી ગાજતા અને ઢોલ, પખાજ, શરણાઈ, તંબૂર, રાવણહથ્થો જેવા લોકવાદ્યોના મધુર ધ્વનિથી ગુંજતા સૌરાષ્ટ્રના લોકડાયરાઓ સૌરાષ્ટ્રની લોકસંસ્કૃતિની મોંઘેરી નીપજ છે. આ ઉપરાંત લગ્નગીતો, હાલરડા, મરસિયા, ફટાણા, વધાઈના ગીતો વગેરે આજે પણ સૌરાષ્ટ્રની લોકસંસ્કૃતિને જાળવી રાખે છે. આ તમામ લોકસંસ્કૃતિના મૂળ સ્વરૂપમાં ભારતીયતા અને ભારતીય સંસ્કૃતિની છાપ જોવા મળે છે.

ભારતભરમાં ખ્યાતિ પામેલા સૌરાષ્ટ્રના રાસ-રાસડા, ગરબા-ગરબી આજે પણ લોકજીવનમાં ચિરંજીવી રહીને પોતાનું અચળ સ્થાન રાખી લોકજીવનને આનંદ અને પ્રેરણા આપતા રહ્યા છે. સૌરાષ્ટ્રમાં નરસિંહ મહેતાથી દાંડિયા લગભગ શાસ્ત્રીય સ્વરૂપ ધારણ કરતા આવ્યા છે. આ દાંડિયારાસ સૌરાષ્ટ્રનું જ નહીં પરંતુ સમગ્ર ભારત દેશનું સર્વોત્તમ લોકનૃત્ય બની રહ્યું છે. જેમાં ભારતીય પરંપરા અને આધ્યાત્મિકતાના દર્શન થાય છે. આ જ તેમની ભારતીયતા દર્શાવે છે. સૌરાષ્ટ્રની લોકસંસ્કૃતિનું આગવું પાસુ તેમનું ભરતકામ છે. આ ભરતકામમાં વિવિધતા અને જીવનકલાનું સ્વરૂપ વિશેષ રહ્યું છે. સૌરાષ્ટ્રના ભરતમાં જે સજીવતા અને સ્વાધીનતા છે એવી બીજા ભરતમાં ભાગ્યે જ જોવા મળશે. સૌરાષ્ટ્રનું ભરતકામ સાંગોપાંગ લોકસંસ્કાર છે. સૌરાષ્ટ્રનું ભરતકામ જીવનવ્યાપ્ત કલા છે, જેમણે જીવનવ્યવહારનાં તમામ અંગોને કલાવિભૂષિત કર્યા છે. સૌરાષ્ટ્રમાં આ ભરતકળાએ જીવન સાથે એકરૂપતા સાધી છે. સૌરાષ્ટ્રમાં કાઠીભરતની કુમાશ, આયરનું હીરભરત અને કણબીનું આભલાભરત વિશેષ ભાત પાડનારું છે. આમ, સૌરાષ્ટ્રની ભરતકળામાં ભારતીય પરંપરા મને ભારતીય સંસ્કૃતિનું અનુસંધાન થયેલું જોઈ શકાય છે.

સૌરાષ્ટ્રના લોકસાહિત્યમાં ભારતીય સંસ્કૃતિ, પરંપરા અને જીવનદર્શનનું પ્રતિબિંબ યથાતથ રીતે પડેલું છે. સમભાવ, સદાચાર, નીતિ, માનવતા અને જીવનમાંગલ્યને આરાધતું સાહિત્ય પણ ભારતીયતાની ભાવનાને જ પરિપોષક બને છે. જે સાહિત્ય ભારતીય પ્રજાની સંવેદનાઓ, સમસ્યાઓ, લાગણીઓનું વાહક હોય તે સાહિત્ય ભારતીય સાહિત્ય કહેવાય. સૌરાષ્ટ્રના લોકસાહિત્યનાં સ્વરૂપો જેવા કે લોકગીત, લોકકથા, લોકવાર્તા વગેરેમાં પણ ભારતીયતાની જ ભાવના અને ભાવ વ્યક્ત થયેલા છે. જ્યાં ભારતીય સંસ્કૃતિ, પરંપરા, ધર્મ, જીવનમૂલ્યો, ઈ તિહાસ અને શૂરવીરો પ્રત્યેનો આદરભાવ વ્યક્ત કરવામાં આવ્યો હોય અથવા ભારતના વિભિન્ન ખંડો, નદીઓ, પર્વત, સાગરો, સૌંદર્ય ધામો, તીર્થ સ્થળો, ઐતિહાસિક સ્થળોનું મહિમાગાન કરીને ભારતભૂમિની શ્રેષ્ઠતા દર્શાવવામાં આવી હોય તેમજ ભારતીય પ્રજાના ઉત્કર્ષની કલ્પના કરવામાં આવી હોય તે દરેક જગ્યાએ આપણને ભારતીયતાના દર્શન થાય છે.

આમ, સૌરાષ્ટ્રની લોકસંસ્કૃતિ ભારતીયતાનાં જીવનમૂલ્યો જેવા કે આધ્યાત્મિકતા અને પરંપરાગતતા, નિરંતરતા અને અખંડતા, રહસ્યમયતા અને આનંદમયતા, વિશાળતા અને ઉદારતા, ચિરંતનતા અને પ્રાચીનતા, સક્ષમતા અને સમાનતા, તિતિક્ષા અને સહનશીલતા, બિનસાંપ્રદાયિકતા અને વિશ્વબંધુત્વ, સત્યમ્-શિવમ્-સુન્દરમ્ ભાવના, દયા, કરુણા, મમત્વ, પ્રેમ, ત્યાગ, બલિદાન, વૈરાગ્ય,

શૂરવીરતા જેવા ઉચ્ચ આદર્શો, જન્મ, પુનર્જન્મ, કર્મફળ, પાપ-પૂણ્ય, નીતિ-અનીતિ, શીલ-સદાચાર, કુળ-ગોત્ર, વંશ-કુટુંબ, જ્ઞાતિ-ધર્મ જેવા અનેક વિશિષ્ટ ખ્યાલો અને ઋણભાર મુક્તિ, ધર્મે જય પાપે ક્ષય, અશરણને શરણ, આતિથ્ય ભાવના, માતા-પિતા અને ગુરુ પ્રત્યે આદરભાવ, સ્વામીનિષ્ઠા, વતનપ્રેમ, પશુપ્રેમ, પ્રકૃતિપ્રેમ, વ્યક્તિથી સમષ્ટિનો ખ્યાલ વગેરેથી કંડારાયેલી છે. આમ, અહીં સૌરાષ્ટ્રની લોકસંસ્કૃતિમાં ભારતીયતા વિભિન્ન સ્વરૂપે પ્રગટ થતી જોઈ શકાય છે.

**સંદર્ભ સૂચિ :**

1. યાજ્ઞિક, હસુ, 'લોકવિદ્યા પરિચય', ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ : ૨૦૦૫, પૃ.૧૨૪
2. સેદાણી, ડૉ. હસુતાબેન શશીકાંત, 'ગુજરાતની લોકસંસ્કૃતિ', યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ : ૧૯૯૪, પૃ.૧૬૮
3. પરમાર, જયમલ્લ, 'આપણી લોકસંસ્કૃતિ', પ્રવીણ પ્રકાશન, રાજકોટ, પ્રથમ આવૃત્તિ : ૧૯૫૭, પૃ.૩૬૮
4. એજન, પૃષ્ઠ નં -૨૯